
# જન્મદિને વધામણી



માયાબેન જે ચુડાસમા
મો. ૯૪૦૮૬ ૭૭૦૮૦



પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯




અમી હરેશ ત્રિવેદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## પોતાના ચિત્તમાં પટેલ છબિ ભાવકના ચિત્તમાં ફોરવર્ડ કરતાં શબ્દચિત્રો : 'સરોવરના સગડ'







જીવન દરમિયાન આપણને એનેક લોકો મળતાં હોય છે પણ તેમાં અમુક વ્યક્તિઓની આપણાં મન પર એવી ઘેરી છાપ પડતી હોય છે કે જેને આપણે ભૂલી શકતા નથી. આ દુનિયા પરથી તેની વિદાય બાદ પણ તેની રહેણીકરણી, પહેરવેશ, વાણી-વર્તન, સ્વભાવ એ બધું અકબંધ યાદ રહેતું હોય છે. તેમાં જો તમે કોઈ કલાકાર હો તો તે તમારી કલામાં પણ ક્યાંક ને ક્યાંક ઊભરી આવે છે. ચિત્રકાર તેના રંગ, રેખા ને પીંછીના માધ્યમથી ચિત્ર બનાવે કે શિલ્પી તેનું સિલ્પ કંડારી નાંખે ત્યારે જોનાર વાહ ! કહીને તેને બિરદાવ્યા વિના ન રહે એવું જ સાહિત્યકારની બાબતમાં બને ત્યારે જે સુંદર રેખાચિત્રો કે શબ્દચિત્રો મળે તે જોઈ તસવીર આબેહૂબ આપણી સામે આવીને તે વ્યક્તિના બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વની છાપ આપણા પર છોડી જાય. આવાં જ શબ્દચિત્રોનું આલેખન કરનાર આપણા ખૂબ જાણીતા સાહિત્યકાર અને સંવેદનશીલ સર્જક દ્વારા 'સરોવરના સગડ' શોધવાનો જે ઉપક્રમ રચાયો તેનાં પુસ્તકરૂપે મળેલાં શબ્દચિત્રોને મમળાવવાં ગમે તેવાં હોઈ રસજ્ઞ ભાવકો સાથે તેનો આનંદ આજે વહેંચવો છે.

'સરોવરના સગડ' પુસ્તકમાં લેખક હર્ષદ ત્રિવેદીએ એક જમાનાના ખૂબ જ લોકપ્રિય અને જનમાનસમાં અદકેરી છાપ પાડનાર ૧૯ જેટલા સાહિત્યકારોનાં શબ્દચિત્રો આલેખ્યાં છે. જેમણે જીવનમાં શું કરવું અને શું ન કરવું એ પરોક્ષ રીતે શીખવ્યું તેવા લેખકના પ્રિય સાહિત્યસર્જકો વિનોદ ભટ્ટ અને રજનીકુમાર પંડ્યાને આ પુસ્તક અર્પણ કર્યું છે તો આ પ્રસંગે ૨૨ જેટલા અન્ય જાણીતા લેખકોનો પણ હર્ષદભાઈ આભાર વ્યક્ત કરે છે. 'યથેચ્છસિ તથા કુરુ...' શિર્ષકથી આત્મનિવેદનમાં કુમાર સામયિકમાં કયા સંજોગોમાં આ લેખો લખ્યા અને પ્રગટ થયા તેની વાત સાથે કેમ તેમણે હયાત નથી એવા જ સર્જકો વિશે લખ્યું છે તે અંગે પણ સ્પષ્ટતા કરી છે. તે પછી પુસ્તક પ્રમાણમાં ખૂબ લાંબા કહી શકાય તેવા ઉપોદ્ઘાતમાં જાણીતા હાસ્યકાર રતિલાલ બોરીસાગરે 'હૃદયમાં પડેલી છબિઓનું મનહર અને મનભર પ્ર-દર્શન' શિર્ષકથી લંબાણપૂર્વક હર્ષદભાઈના લેખોમાંથી સુંદર ઉદાહરણો ટાંકીને વાત કરી છે. તેમણે લખ્યું છે કે 'ઉપોદ્ઘાતકારનું કામ વાચકનો એક ઉત્તમ પુસ્તક વાંચવા માટે મજબૂર કરવાનું છે. આમ કરવામાં હું કેટલો સફળ થયો છે તે જાણતો નથી પણ મેં એવો પ્રયત્ન અવશ્ય કર્યો છે.'

'સરોવરના સગડ' નામે ભાતીગળ રેખાચિત્રોના આ સંગ્રહમાં લેખકની સહૃદયતા, સર્જનાત્મક ભાષા, ચિત્રાત્મક નિરૂપણ અને વિનોદની લહરીઓ સાથે લેખકે દરેક સર્જકનો 'મનુષ્યતા'ના પરિપ્રેક્ષ્યમાં જોયા છે તેમજ પ્રત્યક્ષ અનુભવને મહત્ત્વ આપ્યું છે. આ બધાં અંગત આલેખનો છે. જે તે સાહિત્યકારની ભીતરના છબિનાં દર્શન કરાવવાની સાથે એમની બાહ્ય છબિનું પણ લેખક દર્શન કરાવે છે. તે પોતાના ચિત્રમાં પડેલી છબિ ભાવકનકા ચિત્તમાં ફોરવર્ડ કરે છે. અહીં સમાવાયેલા સાહિત્યકારોમાંથી કેટલાક વિશે એકદમ વિશિષ્ટ પ્રકારનું નિરૂપણ વાંચવા માટે આ સમગ્ર રેખાચિત્રોના આલેખનમાં લેખકના પોતાના વ્યક્તિત્વની રેખાઓ દોરાતી આવે છે.

ચરિત્ર સાહિત્ય પરલંબી સાહિત્યપ્રકાર છે પણ રેખાચિત્રોમાં આત્મલક્ષી-પણું પ્રવેશે છે. લેખો ભાષાના સૌંદર્યથી મંડિત છે. એ જ રીતે સરોવરમાં ઉઠતી વિનોદ લહરીઓ પુસ્તકને રસાળ બનાવે છે. આ રીતે 'સરોવરના સગડ' શોધવામાં સફળ રહેલા લેખકને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

'સરોવરના સગડ' (નિબંધો)
લેખક : હર્ષદ ત્રિવેદી
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત : રૂા. ૨૨૦/-

# એસ. જી. ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓ ડીકેથલોનની મુલાકાત લીધી



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ -૮માં અભ્યાસ કરતા ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદના મોટેરામાં ડીકેથલોન સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ અલગ અલગ પ્રકારના સ્પોર્ટ્સના સાધનોનું નિરીક્ષણ કર્યું હતું તેમજ તેના વિષે માહિતી મેળવી હતી.

# વારાહી એજ્યુકેશન કૉલેજના તાલીમાર્થીઓ જીસીઈઆરટીની મુલાકાતે





ગાંધીનગર, તા. ૮

વારાહી એજ્યુકેશન કૉલેજ, ડી કેબિન, સાબરમતી, અમદાવાદના પ્રથમ વર્ષના બીએડના તાલીમાર્થીઓએ ગાંધીનગર ખાતે ઉમિયા સંસ્થાન અને જીસીઈઆરટી સંસ્થાની મુલાકાત લીધી હતી. બીએડના વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમના ભાગરૂપે કોઈ એક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાની પ્રત્યક્ષ મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરવાના હોય છે, જેના ભાગરૂપે આ બે સંસ્થાની વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

ઉમિયા સંસ્થાનના મંત્રી ભોળાભાઈએ સંસ્થાની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ અહીં ચાલતા વર્ગો અને અદ્યતન વાચનાલયની મુલાકાત લીધી હતી.

જીસીઈઆરટીના નિયામક ટી એસ જોષી, રીડર પ્રૉ. મીનાક્ષીબેન ત્રિવેદી, પ્રૉ. ચૌધરીએ વિદ્યાર્થીઓને જીસીઈઆરટીના વિવિધ વિભાગોની તથા પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. જીસીઈઆરટી ખાતે શરૂ કરવામાં આવેલા ગાંધી અધ્યયન કેન્દ્રની પણ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ગાંધીજીના જીવનપ્રસંગ આધારિત ચિત્રો, સ્મૃતિઓ તથા ગાંધીસાહિત્ય નિહાળી તેમણે ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય દ્વારા તાલીમ ભવનના વિવિધ વિભાગો અને તેની પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને વિગતે માહિતી આપવામાં આવી હતી.

વારાહી બીએડ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલ પટેલ, વાઈસ પ્રિન્સિપાલ સંજય પટેલ અને સ્ટાફમિત્રો આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

# સરકારી આર્ટ્સ કૉલેજ ક્વિઝમાં ઝળકી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત અને એચ.એ.કોલેજ ખાતે યોજાયેલ ઈન્ટર-ઝોનલ યૂથ ફેસ્ટિવલમાં સરકારી વિનયન કોલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ ચૌહાણ ભૂપતસિંહ, વાઘેલા નેપાળસિંહ અને ગોહિલ જયદીપસિંહની ટિમ ક્વીઝમાં દ્વિતિય નંબરે વિજેતા થઈ છે. આ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને અધ્યાપકી ડો.વનરાજસિંહ જાડેજા તેમજ પ્રો. મોહમ્મદ સાકીબ પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



આચાર્ય ડો. હિમ્મત ભાલોડીયા, સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડો.મમતા બુચ તથા સમગ્ર કોલેજ પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં સફાઈ અભિયાન

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઍનઍસઍસ સ્વયંસેવકો દ્વારા શાળાના ક્લાસ રૂમની સફાઈ કરવામાં આવી હતી. આચાર્ય વિનોદભાઈ, વિમલેશભાઈ પટેલ અને દિનેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા બાબતે અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું.

# મુસ્લિમ ઍજ્યુકેશન ઍન્ડ વૅલફેર ઍસો. દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૮

'મેવા' સંસ્થાનો સોળમો ઈનામ વિતરણ સમારોહ રવિવારે સર્વ વિદ્યાલય પરિસરના બ્રહ્માણીકૃપા હોલમાં યોજવામાં આવ્યો હતો.

સમારોહનું પ્રમુખસ્થાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના પ્રૉફેસર અને ડિરેક્ટર ડૉ. અજીતસિંહ પી રાણા, અતિથિ વિશેષ તરીકે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના ચેરમેન પ્રફુલ જલુ અને ગાયનેકોલોજીસ્ટ ડૉ. શાહીન સૈયદ ઉપસ્થિત રહ્યાં હતાં. ધોરણ-૧૦, ૧૨ અને ઉચ્ચ અભ્યાસમાં સારા ટકા મેળવનાર સમાજના તેજસ્વી કુલ ૫૧ તારલાઓનું આ સમારોહ અંતર્ગત સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પૈકી વિદ્યાર્થિનીઓની સંખ્યા ૨૭ જેટલી હતી.

ગાંધીનગરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા ગાંધીનગર, ગુડા વિસ્તારના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### સ્મિત મ્યુઝિક દ્વારા નવોદિત ગાયકો માટે

# સુમન સિંગર્સ નાઈટ કાર્યક્રમ યોજાયો



સ્મિત મ્યુઝિક દ્વારા ગાંધીનગરના નવોદિત ગાયકો માટે ડૉ. આંબેડકર હૉલ માટે સુમન સિંગર્સ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો.

સ્મિત મ્યુઝિકના સંચાલક જ્યોતિ ગજ્જર અને ભરત ગજ્જરે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે નવાં-જૂનાં હિન્દી ફિલ્મી ગીતો નવોદિતો દ્વારા સુંદર રીતે પ્રસ્તુત થયાં હતાં. ચિક્કાર ભરાયેલા હૉલમાં તાળીઓના રણકાર રેલાયા હતા અને પ્રેક્ષકોએ નવા કલાકારોને વધાવી લીધા હતા.

જગતભાઈ કારાણી આ કાર્યક્રમના મુખ્ય પ્રાયોજક હતા. પ્રિન્ટીંગ સહયોગી ચેતન સુખડિયા, અન્ય શુભેચ્છકો જીલુભા ધાંધલ, નિશિતભાઈ વ્યાસ, સંજય થોરાત, યુવરાજસિંહ સહ ગાંધીનગરના અગ્રણીઓ નવોદિતોને વધાવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

# જે બી પ્રાથમિક શાળામાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા

ગાંધીનગર, તા. ૮

અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારનું સીંચન થાય, વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિથી માહિતગાર થાય અને જીવનચક્રમાં કુસંસ્કાર તથા કુટેવોથી દૂર રહે અને તેમનામાં અસામાજિક તત્ત્વો અને દૂષણોનો પ્રવેશ ન થાય તે હેતુસર શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા તાજેતરમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાંથી ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ પરીક્ષામાં ભાગ લીધો હતો. આચાર્ય નીવાબેન પટેલે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ ધ્યેય સાથે પરીક્ષા આપે અને સફળતા પ્રાપ્ત કરે તે માટે તેમને સમગ્ર શાળા પરિવાર વતી શુભકામનાઓ પાઠવી હતી.

# ગાંધીજી : શાંતિ ચળવળ બાબતે દુનિયાના દેશો માટે પ્રેરણાદાયક

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરિકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નક્શા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.

અહિંસક સવિનય કાનૂનભંગનો જે ખ્યાલ તેમણે લિયો ટોલ્સટોય અને હેન્રી ડેવિડ થોરો પાસેથી મેળવ્યો હતો, તેના ઉપયોગ દ્વારા તેમણે બ્રિટીશ રાજ્યની હકાલપટ્ટી કરી ભારતને સ્વતંત્ર બનાવ્યું. આમાંથી પ્રેરણા લઈ ઘણાં પ્રદેશના લોકોએ પોતાના દેશની સ્વતંત્રતા માટે બ્રિટીશરો સામે લડાઈ આદરી અને ક્રમશઃ બ્રિટીશ સામ્રાજ્યનો વિસ્તાર ઘટીને ફક્ત તેમના પોતાના દેશ બ્રિટન (અને સ્કોટલેન્ડ) સુધી સીમિત થઈ ગયો. આમ ગાંધીજીની પ્રેરણાદાયી લડતને કારણે ફક્ત ભારત પર બ્રિટીશ શાસન જ નહીં પણ જેનાં રાજ્યનો કદી સુરજ આથમતો નહોતો તેવી બ્રિટીશ સલ્તનત ખુદ આથમી ગઈ અને કોમનવેલ્થ દેશોનું અસ્તિત્વ ઊભું થયું. ગાંધીના સત્યાગ્રહનો આદર્શ માર્ટીન લ્યૂથર કિંગ જુનિયર જેવા લોકશાહીના પ્રખર હિમાયતી અનેક આંદોલનકારીઓ માટે નવો રસ્તો ઊભો કર્યો. માર્ટીન ઘણી વખત કહેતા કે ગાંધીજીના આદર્શો સરળ હતા તેમજ તે પારંપરિક રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલી સત્ય અને અહિંસા જેવી માન્યતામાંથી તારવેલા હતા.

ગાંધીયાત્રા

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદર (ગુજરાત, ભારત)માં એક હિંદુ (વૈષ્ણવ વણિક) પરિવારમાં થયો હતો. તેમના વડવાઓ વ્યવસાયે ગાંધી (કરિયાણાનો ધંધો કરતા) હતા, પરંતુ તેમની પહેલાની ત્રણ પેઢીમાં કોઈએ ગાધીનો વ્યવસાય કરેલો નહીં, અને તેઓ કોઈકને કોઈક રજવાડાના દિવાન પદે રહેલા. મોહનદાસ ગાંધીના પિતા કરમચંદ ગાંધી પણ પોરબંદર સ્ટેટના દિવાન હતા, આ ઉપરાંત તેઓ રાજકોટ અને વાંકાનેરના પણ દિવાન રહ્યા હતા. વૈષ્ણવ પરંપરા મુજબ ગાંધી કુટુંબ એકદમ ચુસ્ત શાકાહારી હતું. હિંદુઓમાં પ્રચલિત બાળવિવાહની પ્રથાને કારણે મોહનદાસનાં લગ્ન ફક્ત ૧૩ વર્ષની વયે કસ્તુરબા સાથે થયાં હતા. મોહનદાસ ગાંધીને ચાર પુત્રો હતા; સૌથી મોટો પુત્ર હરીલાલ (જન્મ સન ૧૮૮૮), ત્યાર બાદ મણીલાલ (જન્મ સન ૧૮૯૨), ત્યારબાદ રામદાસ (જન્મ સન ૧૮૯૭) અને સૌથી નાનો પુત્ર દેવદાસ (જન્મ સન ૧૯૦૦).

તરુણાવસ્થા સુધી ગાંધી એકદમ સામાન્ય વિદ્યાર્થી હતા. તેઓનો શરુઆતનો અભ્યાસ પોરબંદર અને પછી રાજકોટમાં થયો હતો. તમણે મેટ્રીક્યુલેશનની પરીક્ષા માંડમાંડ પાસ કર્યા પછી સન ૧૮૮૭માં યુનિવર્સિટી ઑફ બૉમ્બે સાથે સંલગ્ન શામળદાસ કોલેજમાં ઊચ્ચ અભ્યાસ અર્થે પ્રવેશ લીધો. જો કે ત્યાં તે ઝાઝું ટક્યા નહીં. તેમના ઘણા કુટુંબીઓ ગુજરાતમાં ઊંચા પદ પર નોકરી કરતા હતા. કુટુંબનો આવો મોભો જાળવવા તેમના કુંટુંબીઓની ઈચ્છા તે બૅરીસ્ટર બને તેવી હતી. એવામાં જ તેમને ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરવાની તક મળી. વળી, ભારતમાં અંગ્રેજોની હકુમતના કારણે બંધાયેલી તેમની માન્યતા મુજબ તો ઈંગ્લેન્ડ વિચારકો અને કવિઓની ભૂમિ હતી તેમજ તહજીબનું કેન્દ્ર પણ ઈંગ્લેન્ડ જ હતું. આમ તેમણે ઈંગ્લેન્ડ જવાની આ તક ઝડપી લીધી.



### બીજું વિશ્વ યુધ્ધ

૧૯૩૯ માં જર્મન નાઝીઓએ પોલેન્ડમાં ઘુસપેઠ કરવાને કારણે બીજું વિશ્વ યુધ્ધ ફાટી નીકળ્યું. ફાંસીવાદીઓના અત્યાચારનો ભોગ બનેલા તરફ ગાંધીની પુરેપુરી સહાનુભુતિ હતી પણ કૉંગ્રેસમાં ચર્ચા કરતાં એક સુર એવો નીકળ્યો કે ઘરઆંગણે જ્યારે પોતાની આઝાદી માટે આપણે વલખાં મારતા હોઈએ ત્યારે યુધ્ધમાં કુદી પડવામાં કોઈ ડહાપણ નહોતું. જો કે ગાંધીએ અંગ્રેજોને કહ્યું કે જો યુધ્ધ બાદ તેઓ ભારતની સ્વતંત્રતાનો કોઈ વાયદો કરે તો ભારતીયો તેમના પક્ષે યુધ્ધ લડવા તૈયાર હતા. બ્રિટીશ સરકારનો પ્રતિભાવ નકારાત્મક હતો. બ્રિટીશરોએ ધીમે ધીમે હિન્દુ અને મુસ્લિમ વચ્ચે તણાવ ઊભો થાય અને તે સતત જળવાઈ રહે તેવી નીતિ અપનાવી. જેમ જેમ યુધ્ધ આગળ વધતું ગયું તેમ તેમ મોહનદાસે વણિકબુદ્ધિ મુજબ અંગ્રેજો ઉપર સ્વતંત્રતા માટેનું દબાણ વધારવા માંડ્યું અને છેવટે નિર્ણયાત્મક (અંગ્રેજો) ભારત છોડોની ચળવળ દેશભરમાં આગની જેમ ફેલાઈ ગઈ. ગાંધી અને તેમના ટેકેદારોએ અંગ્રેજોને જણાવી દીધું કે સ્વતંત્રતા નહિ તો યુધ્ધમાં કોઈ મદદ પણ નહિ. તેમના તીખા શબ્દોને કારણે બ્રિટીશ દળોએ મુંબઈમાં ૯ ઑગસ્ટ ૧૯૪૨ના રોજ તેમની ધરપકડ કરી અને બે વર્ષ સુધી જેલમાં જ રાખ્યા.

### ભારતના ભાગલા

હિન્દુ અને મુસ્લિમ બન્ને કોમ પર ગાંધીનો ખૂબ પ્રભાવ હતો. એમ કહેવાતું કે હિન્દુ-મુસ્લિમ દંગા ગાંધીજીની હાજરી માત્રથી બંધ થઈ જતા. ગાંધી અંગ્રેજોની ભાગલાવાદી નીતિ સમજી ગયા. તેઓ ભાગલાના વિરોધી હતા. પરંતુ ભારતની પ્રજા ભાગલાના નુકસાનને સમજી શકે તેટલી સમજદાર નહોતી. છેવટે ગાંધીએ પણ ભાગલાનો ઝીણાનો બે દેશનો સિધ્ધાંત ( હર્ટ્રૈહ ંરીઅિ) સ્વીકારવો પડ્યો. પરીણામે હિન્દુ બહુમતીવાળો બિનસાંપ્રદાયિક ભારત દેશ અને ઈસ્લામિક દેશ પાકિસ્તાન ૧૯૪૭માં અસ્તિત્વમાં આવ્યા. સત્તાના હસ્તાતરણ દરમ્યાન અન્ય ભારતીયોના સાથે ઉજવણીમાં જોડાવાના બદલે ભાગલાના દુઃખને કારણે ગાંધીએ કલકત્તા એકાંતવાસ પસંદ કર્યો.

### ગાંધીજીની હત્યા

ગાંધીજીનું વર્તન હિન્દુ અને મુસ્લિમ ઈર્ષા ભાવથી સળગતી બન્ને કોમને તેઓ સામેની કોમના પક્ષકાર દેખાતા. જેના પાયામાં સર્વધર્મ સમભાવનો સિદ્ધાંત છે તેવા ગાંધીજીએ કોમવાદી હિંસા ટાળવા પોતાનું શક્ય તેટલું યોગદાન આપ્યું. હિન્દુ મહાસભા માટે ગાંધીનો પક્ષપાત અસહ્ય બની ગયો અને ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ નથુરામ ગોડસેએ ગાંધીજીને ગોળીએ દીધા. આમ વરસોથી આઝાદી માટે લડતો એક મહાન યોદ્ધો સદાને માટે ચાલ્યો ગયો.